૧૦૪૩૫ ઉદ્યોગકારોને રૂા.૯૫૬ કરોડની સહાયનું વિતરણ કરતાં હર્ષ સંઘવી

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં ઉદ્યોગકારોને ઉમટી પડવા હાકલ, કલેકટર કચેરી સાથે સંવાદ કાર્યક્રમમાં ઉદ્યોગપતિઓ સાથે નાયબ મુખ્યમંત્રીની હળવા મને ચર્ચા: અગાઉ રોજની ૨૨૫ જેટલી સબસીડી અપાતી હતી હવે ૪૫૦ અપાય છે

રાજકોટ

નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ આજે રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છના અગ્રણી ઉદ્યોગકારો સાથે સંવાદ કર્યો હતો. જેમાં તેમણે રાજ્યના સર્વાંગી વિકાસના હેતુસર ગુજરાત સરકાર હંમેશા ઉદ્યોગોની સાથે ઊભી હોવાની ખાતરી આપી હતી.

નાયબ મુખ્યમંત્રીએ આ તકે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ જેવા પ્લેટફોર્મ થકી રાજ્યમાં રોકાણ વધારવા અને ગુજરાતના વિકાસને પાંખો આપવા ઉદ્યોગકારોને આહવાન કર્યું હતું. આ અવસરે નાયબ મુખ્યમંત્રીના હસ્તે ૧૦,૪૩૫ ઉદ્યોગ સાહસિકોને રૂ. ૯૫૬.૫૧ કરોડની પ્રોત્સાહક સહાય વિતરણ તેમજ ઉદ્યોગ વિભાગની વિવિધ યોજના હેઠળ ૧૩૭ ઉદ્યોગોને રૂા. ૬૬૧ કરોડના મંજૂરીપત્રોના વિતરણ કરવામાં આવ્યા હતા.

રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સંવાદ કાર્યક્રમમાં હર્ષભાઈ સંઘવીએ ઉદ્યોગકારોને સંબોધતા કહ્યું હતું કે, રાજ્યના ઉદ્યોગકારો સાહસ અને રોકાણ કરીને હજારો, લાખો યુવાનોના સપના સાકાર કરે છે, ત્યારે રાજ્ય સરકાર પણ ઉદ્યોગકારોના પ્રશ્નો હલ કરીને, તેઓ સરળતાથી રોકાણ, ઉત્પાદન કરીને ઉદ્યોગ ધંધાનો વિકાસ કરી શકે તે દિશામાં આગવા અભિગમ સાથે પ્રયત્નશીલ છે.

રાજકોટ એ ગુજરાતનું ગ્રોથ એન્જિન છે જ. રાજકોટ હાલ રોકાણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના મુદ્દે રોકેટ ગતિએ ઊડી રહ્યું છે. આગામી દિવસોમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ રાજકોટમાં થવા જઈ રહી છે અને ૧૧મી જાન્યુઆરીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેનો પ્રારંભ કરાવવાના છે. આ કોન્ફરન્સથી રાજકોટ અને સૌરાષ્ટ્ર-કચ્છના ઉદ્યોગોને બહુ મોટું પ્લેટફોર્મ અને બુસ્ટ મળશે.આ તકે તેમણે કહ્યું હતું કે, દેશમાં પહેલીવાર ખૂબ જ ટૂંકા સમયમાં રાજ્યમાં ૧૬થી વધુ જી.આઈ.ડી.સી. માટે જગ્યાની ઓળખ કરીને તેને ફાળવવાની કામગીરી મહેસૂલ વિભાગે કરી છે, જે પ્રશંસનીય છે. આ બેઠકનો ધ્યેય સ્પષ્ટ કરતા તેમણે કહ્યું હતું કે, ઉદ્યોગકારોને તેમના પ્રશ્નો કે રજૂઆતો માટે ગાંધીનગર સુધી આવવું ના પડે, તેમના નાના મોટા પ્રશ્નોનો તત્કાલ નિકાલ કરી શકાય તે માટે સરકાર વિવિધ વિભાગો સાથે તમારે દ્વાર આવી છે.આ તકે તેમણે રાજ્યની ઔદ્યોગિક નીતિ હેઠળ આજે ૧૦,૪૩૫ ઉદ્યોગ સાહસિકોને રૂપિયા ૯૫૬.૫૧ કરોડની પ્રોત્સાહક સહાય વિતરણ તેમજ ઉદ્યોગ વિભાગની ટેક્સટાઈલ, ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ, પર્યાવરણ, ઔદ્યોગિક માળખા વગેરે જેવી વિવિધ યોજના હેઠળ ૧૩૭ ઉદ્યોગ સાહસિકોને રૂ. ૬૬૧ કરોડના મંજૂરીપત્રોનું વિતરણ કરવાની જાહેરાત પણ કરી હતી.

નાના ઉદ્યોગોના વિકાસ માટે સરકાર દ્વારા થઈ રહેલી પ્રક્રિયાઓનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, એમ.એસ.એમ.ઈ.નો વિકાસમાં મહત્વનો ફાળો હોય છે. આથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર આ સેક્ટરને બુસ્ટ કરવા પ્રયાસ કરી રહી છે. આ માટે વહીવટી તેમજ કાગળ પરની પ્રક્રિયાઓ સરળ બનાવીને ઉદ્યોગોના પ્રશ્નોના નિકાલ કરવામાં આવી રહ્યા છે. ઉદ્યોગોના હિત માટે રાજ્યના ઉદ્યોગ વિભાગ દ્વારા થઈ રહેલી કામગીરીને બિરદાવતા તેમણે કહ્યું હતું કે, અગાઉ રોજ ૨૨૫ જેટલા ઉદ્યોગકારોને સબસીડી અપાતી, હવે રોજ ૪૫૦ સબસીડી મંજૂર કરાય છે અને આગામી દિવસોમાં રોજની ૭૦૦ સબસીડીની મંજૂરી સુધી પહોંચવાનો લક્ષ્યાંક છે.

રાજકોટમાં પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ધાબળા વિતરણ

રાજકોટ,

રાજકોટમાં પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા અગિયાર વર્ષોથી શિયાળાની કડકડતી ઠંડીમાં જરૂરિયાતમંદોને ધાબળા વિતરણ કરવામાં આવે છે. માનવતાના મસીહા પ.પૂ.આ. શ્રીમદ્? વિજય રત્નશેખરસુરીશ્વરજી મહારાજાની ૫૦મી (ગોલ્ડન જ્યુબિલિ) દીક્ષા તિથિ નિમિત્તે ઉપલક્ષમાં એક હજાર શ્રમજીવીઓને ધાબળા વિતરણ કરવામાં આવેલ.

આ વર્ષે પણ બનાસકાંઠા,કચ્છ ,અમદાવાદ ,શંખેશ્વર એવં વિવિધ ગામોમાં ધાબળા વિતરણ કરવામાં આવેલ.આ પ્રસંગે મુનિરાજશ્રી નયશેખર મહારાજ સાહેબે એ પ્રવચન આપતા જણાવેલ કે નિ:સ્વાર્થ ભાવે કરેલી સેવા કયારે નિષ્ફળ જતી નથી. માનવતા અને સેવાનું ઉત્તમ કાર્ય શિયાળાની કડક ઠંડીમાં ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે જીવન વધુ કઠિન બની જાય છે. પૂરતા કપડાં અને ગરમ આવરણ ન હોવાને કારણે અનેક લોકો ઠંડીમાં દુઃખ સહન કરવા મજબૂર બને છે.આવા સમયમાં જરૂરિયાતમંદ પરિવારોને ધાબળા વિતરણ કરવું એ માનવતા, કરુણા અને સેવા ભાવનાનો ઉત્તમ દાખલો છે.

ગુરૂવારે રાજકોટમાં યુનિટી ફાઉન્ડેરશન દ્વારા સર્વજ્ઞાતિય ૧૨૬ દિકરીઓના સમુહલગ્નોત્સ્વ

સી.આર.પાટીલ, જગદીશ વિશ્વકર્મા, મનસુખભાઈ માંડવીયા, હર્ષ સંઘવી સહિતના નેતાઓની ઉપસ્થિતિ

રાજકોટ,

યુનિટી ફાઉન્ડેશન દ્વારા સમાજહિત અને સામાજિક સમરસતાને પ્રોત્સાહન આપવાના હેતુસર સર્વજ્ઞાતિય સમુહલગ્નનું ભવ્ય આયોજન આગામી તા. ૮ જાન્યુઆરી ગુરૂવારના રોજ ૧૫૦ ફુટ રીંગ રોડ, પરસાણા ચોક, રાજકોટ ખાતે કરવામાં આવેલ છે. જેમાં ૧૨૬ દિકરીઓ પ્રભુતામાં પગલા પાડશે.

દરેક દિકરીઓને દાતાઓના સહયોગથી કરિયાવર સ્વરૂપે ૧૦૦ થી વધુ જીવનજરૂરી વસ્તુઓ આપવામાં આવશે. આ સમૂહ લગ્નમાં પચ્ચીસ હજારથી વધારે લોકો માટે ભોજનની પણ વ્યવસ્થા રાખવામાં આવેલ હોવાનું સંસ્થાના આગેવાનોએ જણાવ્યું હતું.

આ કાર્યક્રમ સી.આર. પાટીલ (કેન્દ્રીય મંત્રી જળશક્તિ મંત્રાલય ભારત સરકાર)ની અધ્યક્ષતામાં યોજાશે. જગદીશભાઈ વિશ્વકર્મા (પ્રમુખ ગુજરાત પ્રદેશ ભાજપ) મનસુખલાલ માંડવીયા (કેન્દ્રીય મંત્રી), હર્ષ સંઘવી(નાયબ મુખ્યમંત્રી તથા ગૃહ રાજ્ય મંત્રી) તથા સમાજના આગેવાનો, ઉદ્યોગપતિઓ, રાજકીય મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહેશે.

આયોજનને સફળ બનાવવા યુનિટી ફાઉન્ડેશનના ચેરમેન ભરતભાઈ બોઘરા (ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ) પરેશભાઈ ગજેરા (પ્રમુખ આરબીએ, પ્રમુખ હરેશભાઈ કાનાણી, ઉપપ્રમુખ વિજયભાઈ તોગડીયા, સેક્રેટરી જીજ્ઞેશભાઈ કિયાડા, રાજેશભાઈ વૈષ્ણવ, અશ્વિનભાઈ રૂપાપરા, નૈમિષભાઈ પટેલ, હરકિશન સોજીત્રા, વિપુલભાઈ પટેલ, ચંદ્રેશભાઈ પાદરીયા, ધીરૂભાઈ આસોદરીયા, સંજયભાઈ જહેમત ઉઠાવી રહ્યા છે.

રાજય યોગ બોર્ડ દ્વારા રાજકોટમાં ટ્રેનરો માટે યોજાયો રિફ્રેશર તાલીમ કેમ્પ

રાજકોટ,

ગુજરાત રાજય યોગ બોર્ડ (રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવતિઓ વિભાગ) અંતર્ગત જન જન સુધી યોગને પહોચાડી ગુજરાતના રહેવાસીઓને આરોગ્યય નિરોગી બનાવવા માટે કટિબદ્ધ છે. તેના ભાગરૂપે યોગ બોર્ડના રાજકોટ જિલ્લાના યોગ ટ્રેનર માટે તેઓના જ્ઞાનમા વધારો થાય તે હેતુથી ફિરેશર ટ્રેનર તાલીમ કેમ્પનું એક દિવસીય આયોજન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ , કાલાવડ રોડ, રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતુ.

આ તાલીમ કેમ્પમાં રાજકોટ જિલ્લાના રાજકોટ મહાનગર તેમજ ઉપલેટા, ગોંડલ, ધોરાજી, વીંછીયા સહિતના ૩૦૦ થી વધુ યોગ ટ્રેનરો તેમજ યોગ કોચ અને યોગ કો ઓર્ડિનેટર્સ ઉપસ્થિત રહયા. સવારે ઝોન ૬ના કો ઓર્ડિનેટર શ્રીમતિ વંદના રાજાણીએ યોગાસન, સૂર્ય નમસ્કાર તેમજ પ્રાણાયામ કરાવ્યા. ત્યાર બાદ આયુર્વેદ અને નેચરોપેથ તજજ્ઞ ડો. ફોરમબેન ભાગ્યા જીવનભર તંદુરસ્ત રહેવાના સોનેરી સૂત્રો વિસ્તૃત રીતે સમજાવ્યા.

રાજકોટ મહાનગરના સોસિયલ મીડિયા કો-ઓર્ડિનેટર દર્શનાબેન આહયાએ સોસિયલ મીડિયા અંગે જાણકારી આપી હતી. રાજકોટ મહાનગરના કો-ઓર્ડિનેટર મિતાબેન તેરૈયાએ યુક્તા હાર-મિતાહાર વિષય પર તેમજ ગીતાબેન સોજીત્રાએ સમ ચક્ર પર માહિતી આપી હતી. ગુજરાત રાજય યોગ બોર્ડના રાજય કો ઓર્ડિનેટર અનિલભાઈ ત્રિવેદીએ ખાસ ઉપસ્થિમત રહી ટ્રેનરને નિષ્ઠા પૂર્વક કાર્ય કરતાં રહેવાની વાત જણાવી હતી. જિલ્લા કોર્ડિનેટર હિતેશભાઈ કાચાએ યોગ બોર્ડ અંગેના યોગ વર્ગના પ્રશ્નોકનું સમાધાન કર્યું. કાર્યક્રમના અંતે આભાર દર્શન સિનિયર યોગ કોચ પારૂલ દેસાઈએ કરેલ.

ગીર સોમનાથ જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

વેરાવળ,

મુખ્યમંત્રી દ્વારા નાગરિકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે 'સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ' કાર્યક્રમ યોજવામાં આવે છે. ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૨ જાન્યુઆરી ચોથા ગુરુવારે સવારે ૧૧ કલાકે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ ઈણાજ, જિલ્લા સેવા સદન ખાતે યોજાશે.

જિલ્લા કલેક્ટર એન.વી.ઉપાધ્યાય અને સંબંધિત ખાતાના અધિકારી ઓ ઉપસ્થિત રહી અરજદારોના પ્રશ્નો સાંભળશે. જિલ્લા કક્ષાએ નિકાલ કરવાપાત્ર હોય તેવા પડતર પ્રશ્નો કલેક્ટર કચેરી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ-તાલાલા રોડ, ઈણાજ વેરાવળ ખાતે સીધા પણ રજૂ કરી શકશે.

નાગરિકોએ જિલ્લા સ્વાગતમાં ઓનલાઈન અરજી અંગ્રેજી માસની તા.૧ થી તા.૧૦ સુધીમાં કરવી. નાગરિકોએ પ્રશ્નો, રજૂઆતો, ફરિયાદો સાથે જરુરી વિગતો અને પુરાવાઓ સાથે રજૂ કરવા. તાલુકા કક્ષાએ જે અરજીઓનો નિકાલ ન થયો હોય તેવી અરજીઓનો જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં સમાવેશ થશે. એક જ સમયે અનેક વિષયોને લગતી રજૂઆત કરવી નહિ.

રાજકોટમાં રામનાથપરામાં બેઠો પુલ રિપેરિંગની રાહમાં વોર્ડ નંબર ૬ અને ૭ને જોડતો બેઠો પુલ તૂટેલી હાલતમાં

રાજકોટ,

વાઈબ્રન્ટ સ્મિટથી એક તરફ વિશ્વની ફલક પર રાજકોટનું નામ ગુજતું હોય ત્યારે રાજકોટ શહેરની અંદર આવેલ વોર્ડ નંબર ૬ અને ૭ને જોડતો કપિલા હનુમાન મંદિર પાસે રામનાથ પરામાં બેઠો પુલ છેલ્લા ૯ મહિનાથી તૂટેલી હાલતમાં છે. આ અંગે અનેકવાર રજૂઆતો કરવા છતાં પણ તંત્ર દ્વારા કોઈપણ જાતનું મરામત કે રીનોવેશન કરવાની તસ્દિ લેવાતી નથી.

ગત વર્ષે કોંગ્રેસના આગેવાન રણજીત મુંધવા કોર્પોરેટર કોમલબેન ભરાઈની આગેવાનીમાં હાર્દિક રાજપુત હરેશ ભારાઇ સહિતના આગેવાનોએ નદીમાં તૂટેલા પુલ વચ્ચે બેસીને વિરોધ નોંધાવેલ હતો ત્યારે પ્રસિદ્ધિ ભુખિયા વોર્ડ નંબર ૬ના કોર્પોરેટર અને બાંધકામ સમિતિના ચેરમેન દ્વારા તાત્કાલિક અસરથી માત્ર કોંક્રિટ પથરાવીને પુલ ચાલુ કરીને જશ લેવા માટેની ઉતાવળ કરેલ હતી પરંતુ એ માત્ર રીપેરીંગ બે મહિના સુધીનો માંડ ચાલ્યું હતું. ત્યાંરથી અનેક રજૂઆતો કરવા છતાં પણ તંત્ર ધ્યાનમાં કંઈ લેવામાં આવેલ નથી હજારો વાહનો ચાલકોને સોની બજાર બંગડી બજાર ધર્મેન્દ્ર રોડ જેવા અનેક વિસ્તારોમાં જવા માટે જેમ કે સામા કાંઠે જવા માટે ઈમિટેશન બજાર સહિતના વેપારીઓને આવવા જવા મા બે કિમી ફરવુ પડે છે.

ત્યારે પુલનું રીપેરીંગ કામ ખુબજ આ બેઠો પુલ તાત્કાલિક અસરથી કોર્પોરેશનને સરકાર દ્વારા નવો કોર્જવે બનાવી અને ખુલ્લો મુકવામાં આવે તો જ લોકોને રાહત મળશે અને ૯૦૦ વાળા ભુંગળા નહીં પરંતુ ૧૫૦૦ના ભુંગળા નાખવામાં આવે તો હજારો લોકોને થતી હાલાકી થી છુટકારો મડે અને પ્રશ્નનો હલ પણ આવી જશે ખાસ વાત એ છે કે આ પુલનુ ઉતાવરે ફોટો સેસન કરનાર કોર્પોરેટર કે અધિકારી ને આ તુતેલો પુલ નથી દેખાતો જાડિયામડિવારા કોઈ શાશક નેતા પણ ફરકતા નથી ત્યારે પ્રદેશ કોંગ્રેસ સેવાદળ મંત્રી રણજીત મુંધવા હરેશભાઈ ભારાઈ વિગેરેએ પુલનું તાત્કાલીક રીપેરિંગ ન થાયતો સ્વખર્ચે કરવાની જાહેરાત કરી છે.

રાજકોટ કોર્પોરેશનની શાળાના પાંચ શિક્ષકોનું ટીચર એવોર્ડ ૨૦૨૬થી સન્માન

રાજકોટ,

નિઓરાજકોટ ફાઉન્ડેશન દ્વારા રાજકોટ મહાનગરપાલીકાની શાળાઓમાં શિક્ષણને લગતા ઘણા કાર્યક્રમો ચાલે છે તેમા મોરપીંછની કલગીરુપ શ્રેષ્ઠ શિક્ષકો ને આઉટસ્ટેન્ડીંગ ટીચર એવોર્ડ ૨૦૨૬ એનાયત કરવાની શરુઆત ચાલુ વર્ષથી કરવામાં આવી છે. બાળકોના પાયાના શિક્ષણથી લઈને કારકિર્દીના ઘડતરમાં શિક્ષકોનો સિહફાળો પ્રસંશનિય અને પૂજાનિય હોય છે. જેમાં રાજકોટ મહાનગરપાલીકાની શાળાઓના તમામ શિક્ષકોમાંથી વિવિધ માપદંડો જેવા કે શિક્ષકોના શ્રેષ્ઠ જ્ઞાન, વિશિષ્ટ કૌશલ્ય અને ઉમદા અભિગમ તેમજ એમના સામાજિક, સાંસ્કૃતિક, સેવાકીય ક્ષેત્રે યોગદાન, શિક્ષકોનું

વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે નો સંબંધ, શિક્ષણના પોતાના કાર્યમાં ક્રિએટિવિટી વગેરે જેવા જુદા જુદા માપદંડોના આધારે તેમના કાર્યોને મુલવી તેમાંથી પાંચ શિક્ષકોની પસંદગી કરી તેમની કાર્યનિષ્ઠાને વધાવવા અને સન્નમાનિત કરવા માટે તેમને નિઓરાજકોટ ફાઉન્ડેશન દ્વારા આઉટસ્ટેન્ડીંગ ટીચર એવોર્ડ ૨૦૨૬ થી નવાઝવામાં આવ્યા હતા.

સમ સંગીતિ ૨૦૨૬ ના મંચ પર સંસ્થાના ડિરેક્ટર, પેટ્રનશ્રીઓ અને રાજકોટ મહાનગરપાલીકાના કમિશ્નરશ્રી તુષાર સુમેરાના હસ્તે આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ માટે જે પાંચ શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી. તેમાં રાજેશ ગડારા, ડો. હેતલ પારિયા, આશાબેન ગઢ્ઢર, નયનકુમાર રુદકિયા અને ગોદાવરીબેન ભાલોડીયાનો સમાવેશ થાય છે. આ એવોર્ડ સાથે તેમને પ્રમાણપત્ર તેમજ પ્રથમ ત્રણ શિક્ષકો આશાબેન ગઢ્ઢર, નયનકુમાર રુદકિયા અને ગોદાવરીબેન ભાલોડીયાને દરેકને રોકડ પુરસ્કા અંકે રૂા. ૧ લાખ તથા રાજેશ ગડારા અને ડો. હેતલ પારિયા આ બન્ને શિક્ષકોને અંકે રુ. ૫૦ - ૫૦ હજારની રોકડ રાશી અને પ્રમાણપત્ર અર્પણ કરી તેમના કાર્યોને બિરદાવી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

રવિવારે રાજકોટ રામનાથપરા મુક્તિધામમાં ૨૫૦૦ અસ્થિનું પૂજન

મકરસંક્રાંતના દિવસે હરિદ્વારમાં વિધિવત રીતે વિસર્જન કરવા આયોજન

રાજકોટ,

રાજકોટ મહાનગર પાલિકા નિર્મિત સરગમ કલબ સંચાલિત શહેરના મધ્યમાં રામનાથપરા મુક્તિધામમાં ૧ જુલાઈ ૨૦૨૫ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ અપાયા હતા. તેમનો અસ્થિ પૂજનનો કાર્યક્રમ તા. ૧૧.૦૧.૨૦૨૬ ને રવિવારે સવારે ૯ થી ૧૦:૩૦ વાગ્યાત સુધી બ્રાહ્મણો દ્વારા શાષા વિધિ મુજબ યોજાશે. મૃતકોના તમામ સ્વજનોને સરગમ કલબ દ્વારા વ્યકિતગત પત્ર લખી રવિવારે અસ્થિ પૂજનની વિધી માટે પરિવારના સદસ્યોએ રામનાથપરા મુકિતધામમાં ઉપસ્થિત રહેવા યાદિમાં જણાવાયું છે.

સરગમ કલબ આગામી તા. ૧૪ બુધવારે આ તમામ અસ્થિઓનું વિસર્જન હરિદ્વાર મુકામે બપોરે ૩ કલાકે હર કી પૌડ઼ી ઉપર થશે. દરેક મૃતક વ્યકિતનું નામ બોલી બોલીને અસ્થિઓનું હરિદ્વારામાં વિસર્જન કરાશે. સરગમ કલબના દરેક હોદેદાર સ્વ ખર્ચે અસ્થિનું વિસર્જન કરવા હરિદ્વાર જશે.

જે પરિવારના વ્યકિતનાં અવસાન થઈ ગયેલ છે. તેમના પરિવારને કુરિયર મારફત લેટર મોકલી આપેલ છે. જે પરિવારને અસ્થિ જુદા રાખવા હોય તેમને તા. ૯ સુધીમાં રામનાથપરા મુક્તિધામની ઓફિસમાં જાણ કરવી. જેની વધુ માહિતી માટે ફોન નં. ૨૨૨૧૯૫૦ / ૨૨૩૭૯૦૦ ઉપર સંપર્ક કરવો.

સમગ્ર અસ્થિ પૂજનની વ્યવસ્થા સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને મુક્તિધામના ઈન્ચાર્જ રમેશભાઈ અકબરી બન્ને કલબના તમામ કમિટી મેમ્બર વ્યવસ્થા સંભાળશે.



રાજકોટના ન્યારા સદ્ગુરૂ દેવ ધ્યાન મંદિર ખાતે ચાલતી ભાગવત કથામાં જન્મોત્સવ ઉજવણી

રાજકોટ,

રાજકોટ શહેરની ભાગોળે આવેલ ન્યારા ગામે શ્રી સદ્ગુરૂ ધ્યાનમંદિર ટ્રસ્ટ દ્વારા પરમ પુજય શ્રી રણછોડદાસજી મહારાજની અસીમ કૃપાથી ગત તા. ૩૧ ડીસેમ્બરથી શ્રી રામ ચરિત માનસ સમુહ પાઠ અને ભાગવત કથાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં શ્રી રામચરિત માનસ સમુહ પાઠનું પઠન વ્યાસપીઠ ઉપરથી વિદ્વાન રામાયણી શ્રી શ્યામસુંદરદાસજી મહારાજની સંગીતમાં મધુરશૈલીમાં સમુહપાઠ કરી રહ્યા છે. જયારે શ્રીમદ ભાગવત કથાનું વ્યાસપીઠ ઉપરથી કથાકાર પુજયશ્રી મીરાબેન ભટ્ટની મધુરવાણીમાં કથાનું વાંચન થઈ રહ્યું છે.

છેલ્લે સત્રના અંતે શ્રી કૃષ્ણ જન્મોત્સવ ભગવાન નંદલાલનો મહાઉત્સ્વ ''નંદ ઘરે આનંદ ભયો જય કનૈયા લાલકી'' ના નાદ સાથે અને વકતા શ્રી મીરાબેન ભટ્ટ દ્વારા આનંદમયી વાણી તેમજ વાજીંત્રોના અને શંખ ધ્વનિના નાદ સાથે ભવ્યાતિભવ્ય રીતે ઉજવણી થયેલ.

શ્રી સદ્ગુરૂ ધ્યાન મંદિર ટ્રસ્ટ - ન્યારા દ્વારા આયોજીત શ્રી રામ ચરિત માનસ સમુહ પઠન પુજય વકતા શ્રી શ્યામ સુંદરદાસજી મહારાજ દ્વારા સુમધૂર શૈલીમાં ભકતજનોને રસપાન કરાવેલ.